



સમગ્ર ગુજરાતના કિસાનોનું પ્રતિનિધિત્વ કરતું એક માત્ર સાપ્તાહિક

# કિસાન સંદેશ

વર્ષ : ૧૯, અંક : ૧૫, સળંગ અંક : ૯૩૨, તારીખ : ૧૧-૦૯-૨૦૧૭, સોમવાર, કિંમત રૂા. ૪-૦૦, મુદ્રક : પ્રકાશક : તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ

(માલિક : કિસાન સંદેશ પ્રકાશન ટ્રસ્ટ, ગુજરાત પ્રદેશ વતી) ''બલરામ મંદિર પરીસર'', સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬

R.N.I. No. 71193/99, Reg. No. GNR 313, Posting Dt. 11/09/2017, RMS G'nagar, Valid up to 31/12/19


## ડ્રીપ ઈરીગેશનમાં ૧૮% ટ્રેક્ટરમાં ૧૨% થ્રેસર સહિતના યાંત્રિક ઓજારોમાં ૧૨% તથા દવાઓ સહિતના GST દરોના વિરોધ ભારતીય કિસાન સંઘ દ્વારા કાર્યક્રમોની જાહેરાત...

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે ભારતીય કિસાન સંઘ દ્વારા ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત ઝોનના ૨૦૦ જેટલા કાર્યકરોની બેઠક યોજાઈ હતી. જેમાં વિશેષ કેન્દ્રીય પ્રતિનિધિ શ્રી મા. રતનલાલ ડાગા (જોધપુર)ની ઉપસ્થિતીમાં યોજાઈ હતી અને આજથી આગામી વર્ષમાં યોજાનાર સદસ્યતા અભિયાનની યોજનાની બેઠકોમાં પ્રારંભ છયો હતો. જેમાં સમગ્ર દેશભરમાં થનાર સભ્ય નોંધણી અભિયાનમાં ગુજરાતમાં પણ સક્રીય પણે અભિયાન ચલાવીને તમામ જીલ્લા અને તમામ તાલુકામાં સભ્યોનંધણીનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવે છે. અને પુરા રાજ્યમાં ૧૦ હજાર જેટલા ગામોનો સંપર્ક કરીને ૧૦ લાખ સદસ્યતા અભિયાનનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવે છે. આગામી દિવોસમાં બાકી ૬ વિભાગોની પણ બેઠકો પૂર્ણ કરીને તમામ જીલ્લાની વિશેષ બેઠકો કરીને જિલ્લાના તમામ ગામો સુધી પહોંચવા માટેની યોજના રોડ મેપ તૈયાર કરાશે.

પ્રત્યક્ષ ગામ સંપર્ક અને અભિયાન જાન્યુઆરી ૨૦૧૮ થી પ્રારંભ થશે. તા. ૩ સપ્ટેમ્બરના રોજ આજ હેતુસર સંગઠનના મુખ્ય આયામ સજીવ ખેતી, યુવા આયામ અને મહિલા આયામની બેઠક પણ પ્રદેશ કાર્યાલય ખાતે રાખવામાં આવી હતી. જેમાં ત્રણેય આયામોને સક્રીય કરીને આગામી સદસ્યતા અભિયાનમાં તેમનો સંપૂર્ણ સહયોગ લેવામાં આવશે અને ત્રણેય આયામના પ્રદેશ એકમની રચના કરવાનો નિર્ધાર કરવામાં આવેલ છે. જેના આયામ સહ અભ્યાસ વર્ગો પણ યોજવામાં આવશે.

આજની બેઠકમાં વર્તમાન પરિસ્થિતિમાં કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ જી.એસ.ટી.ના દરોની કૃષિક્ષેત્ર પર થતી અસરોની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ડ્રીપ ઈરીગેશનમાં ૧૮ ટકા, ટ્રેક્ટરોમાં ૧૨ ટકા, યાંત્રિક ઓજારો થ્રેસર વિગેરેમાં ૧૨ ટકા તેમજ દવાઓ ઉપર લાગુ કરવામાં આવેલ દરોનો વિરોદ વ્યક્ત કરવામાં આવ્યો હતો. અને ભારતીય કિસાન સંઘ દ્વારા આજ સુધી કેન્દ્ર સરકાર સમક્ષ અને રાજ્ય સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે તેમ છતાં હજુ સુધી કોઈજ નિર્ણય ન થતાં આજે આગામી આંદોલન કરવાનું નક્કી દિ ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ સોમવારે રાજ્યના તમામ જીલ્લા કલેકટરોને મોટી સંખ્યામાં આવેદનપત્રો આપીને વિરોધ કરવામાં આવશે તેવો નિર્ણય કરવામાં આવ્યો હતો. આવેદનપત્રમાં પાક વિમાની અનેક વિસંગગતાઓ, ફરજીયાત વીમો, બાકી વિમાની ચૂકવણી, પાક નુકસાનીના સર્વેમાં ભેદભાવ વિગેરે અંગે પણ રજુઆતો કરવામાં આવશે.

ચીનની ચીજ વસ્તુઓના બહિષ્કાર કરવાનો પણ સંકલ્પ આજની બેઠકમાં કરવામાં આવેલ છે. જેના અંગે પણ તા. ૧૧ સપ્ટેમ્બરના દિવસે જીલ્લા મથકોએ ચીનના માલનો પ્રતિકાત્ક વિરોધ કરીને હોળી કરવામાં આવશે. અને પત્રિકા - સાહિત્ય વિતરણ કરવામાં આવશે. આજની બેઠકમાં રાષ્ટ્રીય કાર્યકારીણી સદસ્યશ્રી જીવણદાદા, શ્રી મગનભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી વિઠ્ઠલભાઈ દૂધાત્રા, સહિત પ્રદેશના હોદ્દેદારો એ હાજરી આપી હતી.











*તા. ૩, ૪ના રોજ પ્ર.કાર્યાલય ખાતે યોજાયેલ સજીવ મહિલા અને યુવા આયામની બેઠકમાં ઉપસ્થિત મા. રતનલાલજી ડાઘા, તેમજ ઉ. અને મધ્ય ગુજરાત ઝોનનાં કાર્યકર્તાઓની બેઠકમાં ઉપસ્થિત મા. જીવણદાદા તથા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી અંબુભાઈ પટેલ, પ્ર. પ્રમુખ વિઠ્ઠલભાઈ દુધાત્રા તેમજ ઉપસ્થિત કાર્યકર્તાઓની તસ્વીર દૃષ્ટિગોચર થાય છે.*

**● GSTના વિરોધમાં આગામી તા. ૧૧ સપ્ટેમ્બરના રોજ તમામ જીલ્લા મથકોએ કલેક્ટરોને આવેદનપત્ર અપાશે. ● વડાપ્રધાન પાક વીમાની અનેક વિસંગગતાઓ, ફરજીયાત વિમો, ઓછી ચૂકવણી, પાક નુકસાનીના સર્વેમાં ભેદભાવ સહિતના મુદ્દાઓને પણ સામેલ કરાશે. ● ચીનની ચીજવસ્તુઓના બહિષ્કાર કરવાનું પણ ભારતીય કિસાન સંઘ દ્વારા અભિયાન ચલાવાશે. ● આગામી વર્ષે યોજાનાર સદસ્યતા અભિયાનની યોજના બેઠકોનો પ્રારંભ.**

# ચીનનો 'પડકાર' અને આપણું કર્તવ્ય

**• સ્વદેશી જાગરણમંચ : સતીશકુમાર • ગુજરાતી અનુવાદ : ડૉ. દીપક ભાનુશંકર ભટ્ટ**

ચીન ભારતને આંતરરાષ્ટ્રીય સ્તરે વધવા દેવા નથી માગતું અને ભારતની આંતરરાષ્ટ્રીય પહોંચમાં બાધક બની રહ્યું છે. પાકિસ્તાનનું એક આંતકવાદી સંગઠન છે જૈશ - એ મોહમ્મદ ! એનો મુખ્ય સંચાલત છે મસૂદ અઝહર એણે પહેલા પઠાણકોટ પર અને પછી સપ્ટેમ્બરમાં ઉડીમાં આતંકવાદિઓ એ મોટો હુમલો કર્યો. જેમાં આપણાં ૧૯ સૈનિકો શહીદ થઈ ગયા. આ બધા હુમલાઓનો પણ માસ્ટર માઈન્ડ છે. આ મસૂદ અઝહર. ભારતને ફોન વોઈસ રેકોર્ડ સાથે પાક્કા પુરાવા આપ્યા છે આ બધાના એના પર યુનાઈટેડ નેશનની સિક્યોરિટી કાઉન્સિલ (ઓન ટેરરિઝમ) છે, એમાં પ્રમુખ આતંકી એવા સંગઠન જૈશ - એ મોહમ્મદને આંતરરાષ્ટ્રીય આતંકવાદી જાહેર કરવા માટે, પ્રતિબંધ લાગવવા માટે પ્રસ્તાવ ભારતે મુક્યો. આ કાઉન્સિલમાં ૧૫ દેશોના પ્રતિનિધિ છે. જેમાંથી ૧૪ દેશ આ આતંકી સંગઠનના વિરોધમાં છે, બધાં જ કાગળો - દસ્તાવેજો પુરતા છે, માત્ર એક દેશે એના ઉપર પ્રતિબંધ ન લાગવા દીધો અને આવું એણે આ છઠ્ઠી વખત કર્યુ છે અને એ દેશ છે ચીન.

ચીન ખુલ્લેઆમ આતંકવાદી સંગઠન અને તેના પ્રમુખને બચાવીને એનું સમર્થન કરી રહ્યું છે. એટલું જ નહીં ન્યુક્લીયર સપ્લાયર ગ્રુપ NSGમાં વિશ્વના ૪૭ દેશ સદસ્ય છે. ભારત એનું સદસ્ય બને તેમાં ચીનને કંઈ નુકશાન નથી. અને પાકિસ્તાનને પણ કંઈ નુકશાન નથી. ભારત ન્યુક્લીયર સપ્લાયર સમૂહનો સભ્ય બને છે તો થશે એટલું જ કે જે ન્યૂક્લીઅર મટિરિયલ (સામાન) હોય છે, ન્યૂક્લીઅર વેસ્ટ હોય છે તેને વેચી ભારત બીજા દેશ સાથે ખરીદ - વેચાણ કરી શકશે. ભારતને આ સુવિધા મળવાની છે. તેને યુદ્ધ સાથે કોઈ લેવા - દેવા પણ નથી. એની અસર માત્ર વ્યાપારિક છે. અને આ વ્યાપારિક અસરથી ચીનને કંઈ નુકસાન પણ નથી. ૪૭માંથી ૩૯ દેશ, જેમાં અમેરિકા પણ સામેલ છે. અને અન્ય યૂરોપિયન દેશ પણ છે. બધા દેશોએ મંજૂરી આપી દીધી છે કેમ કે ભારત એના માટે સક્ષમ દેશ છે. તો પણ ચીને એન.એસ.જી. માં આપણી સદસ્યતા ઉપર ૬ અન્ય દેશો સાથે મળીને રોક લગાવી દીધી. એટલું જ નહીં. દરેક મંચ પર જ્યાં લાગે છે કે ભારતનો વિકાસ છે, ચીન ત્યાં વીટો વાપરે છે, અડિંગો જમાવી દે છે.



ભારત માટે સમસ્યા ઉભી કરવી અને પાકિસ્તાનની હરકતોનું સમર્થન કરવું તે જ તેની અઘોષિત નીતિ બની ગઈ છે. અને એક બીજુ ઉદાહરણ જૂઓ - જ્યારે ઊડી ૫૨ આતંકવાદી હુમલો થયો - ૧૮ સપ્ટેમ્બર તો ભારતે ૨૮ સપ્ટેમ્બરે સર્જીકલ સ્ટ્રાઈક કરી. આપણા જવાનોએ પાકિસ્તાનમાં ઘૂસીને આતંવાદીઓને માર્યા પછી ભારતે ૧૯૫૬માં થયેલી સિંધુ જલસમજૂતીની સમીક્ષા બેઠક બોલાવી. ભારતે તો હજી એટલું જ કહ્યું કે જો પાકિસ્તાન આતંકી હરકતો બંધ નહીં કરે તો અમે પાણી બંધ કરવાનું વિચારીશું, પરંતુ એના ચાર દિવસ પછી ચીને બ્રહ્મપુત્ર નદીની સહાયક નદી જેકોબાનું પાણી રોકી જ લીધું. ચીનનો સંદેશો સ્પષ્ટહતો કે જો ભારત સિંધુનું પાણી પાકિસ્તાનનું રોકશે તો એ ભારતની બ્રહ્મપુત્ર નદી, જે માનસરોવર (હવે ચીનના કબજામાં) થી નીકળે છે. એનું પાણી રોકીને પૂર્વોત્તર ભારતમાં દુષ્કાળ લાવી દેશે.

**ચીનનો વૈશ્વિક દષ્ટિકોણ : ખતરનાક**

ચીનનો આ વ્યવહાર ભારત સાથે જ નહીં પરંતુ બીજો મોટી અર્થવ્યવસ્થાઓની સાથે પણ છે. ચીનના જાપાન સાથેના રાજનૈતિક સંબંધો ભારતથી વધારે ખરાબ છે. આપણે તો જમીન લાગે છે ચીન સાથે પણ જાપાનને તો એવું ય નથી છતાં સંબંધ સારા નથી.

જાપાનની સાથે સેનકાકુ દ્વિપ ઉપર પણ ઝગડો છે ચીનનો માત્ર ૭ ચોરસ માઈલનો સમુદ્રની વચ્ચેનો ભૂખંડ છે. ત્યાં એક પણ માણસ નથી રહેતો. જાપાને માત્ર ટાવર લગાવ્યા છે, જહાજોને દિશા બતાવવા માટે જે જાપાનથી ૧૨૦૦ કિ.મી. દૂર છે તથા ૧૨૫૦ કિ.મી. ચીન (તાઈવાન ક્ષેત્ર) ની સીમાથી દૂર છે. ત્યાં તેલ - ગેસ મળવાની સંભાવના છે બસ એટલે, ચીનનો જાપાન સાથે ઝગડો છે. વિયેતનામ બહુ મોટી તાકાત નથી, તો પણ ૨૦૦૩માં ચીનનું વિયેતનામ સાથે સીધુ યુદ્ધ થયું હતું. ચીનના ઈંડોનેશીયાને મલેશિયા સાથે પણ બહુ સારા સંબંધ નથી. શ્રીલંકા હમણાં સુધી ચીનનો મિત્ર દેશ હતો. પરંતુ હવે શ્રીલંગા ભારત સાથે આવી ગયું છે, તો એની સાથે પણ ચીને ઝગડો શરૂ કર્યો છે. ચીનના દુનિયામાં સદાબહાર તો બે મિત્ર દેશ છે. એક પાકિસ્તાન જે ભારતનું સૌથી મોટું શિરદર્દ છે. અને બીજુ જે દુનિયાનું શિરદર્દ એવું 'ઉત્તર કોરિયા' છે આ જાણવું એટલા માટે જરૂરી છે કે જેથી ચીનની માનસિક્તા સમજી શકાય. દુનિયાના કોઈપણ સભ્ય અને સંસ્કૃત દેશ, સમૃદ્ધ દેશની સાથે ચીનના સારા સંબંધો નથી. અણેરિકામાં તો ૮૦૦ બિલિયન ડૉલરનું રોકાણ ચીનનું છે અને ૨૮ ટકા વેપાર છે તોય એની સાથે સંબંધ સારા નથી.

---

અગત્યનું જા.નં.આઈ.ક્યુ/ખાતર-૨/ફા.નં.૨૬/૩૬૬૧૮-૭૮/૨૦૧૭

ખેતી નિયામકની કચેરી, ગુ.રા.
કૃષિ ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર.
તા. ૦૪-૯-૨૦૧૭

પ્રતિ,
નાયબ ખેતી નિયામકશ્રી (વિ.)
.......................... (તમામ)

**વિષય : યુરીયા ખાતરની રીવાઈઝડ મહત્તમ વેચાણ કીંમત મુજબ યુરીયા ખાતરનાં વેચાણ બાબત...**

**સંદર્ભ : ભારત સરકારશ્રીનો તા. ૩૧-૮-૨૦૧૭ નો પત્રાંક : ૧૨૦૧૪/૪૨૦૦૯-FPP**

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સરકારશ્રીનાં સંદર્ભદર્શીત પત્રમાં જણાવ્યા મુજબ ગુજરાત સરકારશ્રીનાં તા. ૯-૬-૨૦૧૭ના ગેઝેટ નોટીફીકેશનથીગુજરાત સરકારશરી દ્વારા યુરીયા ખાતર પર લાગુ કરેલ રૂા. ૪૨૦/- પ્રતિ ટન 'Additional VAT'નો દર પાછો ખેંચવામાં આવેલ છે. જે અતર્ગત ૧ લી જુલાઈ, ૨૦૧૭થી યુરીયા ખાતર ઉત્પાદક કંપનઈઓએ 'Additional Vat' ચુકવવાની કોઈ જરૂરીયાત નથી.

આથી, યુરીયા ખાતર કંપનીઓએ તેમનાં દ્વારા અગાઉ વસુલવામાં આવતાં રૂા. ૪૨૦/- પ્રતિ મે. ટન 'Additional VAT' ખેડૂતો પાસેથી વસુલવાનો રહેતો નથી. જેનાં કારણે યુરીયા ખાતર પ્રતિ ૫૦ કિ.ગ્રા બેગ રૂા. ૨૧/- સસ્તુ થશે. આથી, **હાલ યુરીયા ખાતરની પ્રતિ બેગ વેચાણ કીંમત રૂા. ૩૧૭.૫૦ થી ઘટીને રૂા. ૨૯૫/- નક્કી થયેલ છે. જેનો અમલ રાજયમાં ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭ થી કરવાનો થાય છે.**

રાજયનાં ખેડૂતો યુરીયા ખાતરની ખરીદી ઘટાડેલ ભાવોએ ખરીદે અને ખેડૂતોને તેનો બહોળા પ્રમાણમાં લાભ મળે તે અત્યંત જરૂરી બાબત છે, આમ, આપનાં કાર્યક્ષેત્રમાં ખાતર વિક્રેતાઓ દ્વારા યુરીયા ખાતર ઘટાડેલ કીંમતે જ વેચાણ થાય તે અંગેનું આપનાં તથા આપનાં સ્ટાફ દ્વારા સતત નિરીક્ષણ કરવા જણાવવામાં આવે છે. તદ્ ઉપરાંત, ખેડૂત વર્ગમાં યુરીયા ખાતરનાં થયેલા ભાવ ઘટાડા બાબતે જાગૃતતા આવે તે માટે સ્થાનિક સમાચારપત્રોમાં પ્રેસકટીંગ આપી તથા અન્ય માધ્યમો થકી પ્રચાર - પ્રસાર કરવા જણાવવામાં આવે છે.

મુસદ્દો ખેતી નિયામકશ્રીએ મંજુર કરેલ છે.

ખેતી નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર વતી

---

# શ્રધ્ધાંજલિ



**સ્વ.ગભુભાઈ સોલંકી**
**સ્વ. તા. ૧૦-૮-૨૦૧૭ (ઉં. ૮૨)**
**તા. કઠલાલ, જીલ્લો ખેડા.**

**ભારતીય કિસાન સંઘના પૂર્વ કઠલાલ તાલુકા પ્રમુખ તરીકે સેવા આપનાર નિષ્ઠાવાન અને સ્પષ્ટવક્તા એવા કાર્યકર્તાઓના આદર્શ સમાન એવા સ્વ. ગભુભાઈ સોલંકી નું દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના સહ વિનમ્ર શ્રધ્ધાંજલિ.**

**પ્રદેશ પરિવાર વતી,**
**વિઠ્ઠલભાઈ દૂધાત્રા**

---

## ગ્રાહક મિત્રો

આપનું લવાજમ આપે ગત વર્ષે ગાંધીનગર ખાતે યોજાયેલ **'૦ બજેટ સજીવ ખેતી શિબીર દરમ્યાન તા. ૨૭ થી ૩૧ ઓગસ્ટ દરમ્યાન ભર્યું હોય તો'** પુરું થવામાં જ હશે તો આપણું સાપ્તાહિક નિયમીત મેળવવા માટે આપનું લવાજમ રૂા. ૨૦૦/- પુનઃ ભરી દેવું જરૂરી છે. જે નીજકના ભા.કિ.સંઘના કાર્યકર્તા કે નીચેના સરનામે રૂા. ૨૦૦/- મની ઓર્ડર કરવાથી ભરી શકાશે. સંપર્ક માટે ફોન કાર્યાલય ૦૭૯-૨૩૨૨૪૯૧૬

**મનીષ પંચાલ**
**૯૯૦૯૦ ૦૦૨૧૪**
ભારતીય કિસાન સંઘ,
ગુજરાત પ્રદેશ
બલરામ મંદિર પરિસર,
સેક્ટર-૧૨/ડી,
'ઘ' રોડ, ગાંધીનગર.
**C/o કિસાન સંદેશ કાર્યાલય**

**નોંધ : સાપ્તાહિક માટે આપના લેખ / મંતવ્ય સૂચનો આવકાર્ય છે.** *-સંપાદક*

# વસુંધરાની વનસ્પતિઓ

અશોક શેઠ (ભાગ-૨)

आयुर्वेदाय अमृतानाम्

## ખજૂરી કાળી (પિત્તનાશક)

**ઉત્પત્તિ સ્થાન :**

ખજૂરી કાળી એ આદિવાસીઓનું પ્રિય ઔષધ છે. સહ્યાદ્રિ પર્વતમાળાઓમાં ખૂબ



જ થાય છે.

**પરિચય :**

ખજૂરી કાળી એ એક કડવા લીંબડાની જાતિનું ઝાડ છે. એનાં પાંદડાં એક ફૂટ લાંબાં હોય છે. તેને ઉગ્ર ગધનાં સફેદ પુષ્પો થાય છે. ખજૂરી કાળીનું ફલ ખજૂર જેવા સુકાઈ જતા હરડે આકારને મળતાં હોય છે. સ્વાદમાં ખૂબ જ કડવાશવાળું હોય છે.

**ઔષદિ-પ્રયોગ :**

(૧) પિત્ત માટે : કાળી ખજૂરી ઘસીને ૩ થી ૫ મિ.લિ. લેવું. (૨) મુખપાક ઉપર : કાળી ખજૂરી ઘસીને ચોપડવી. (૩) કાનખજૂરો કરડયો હોય તો : કાળી ખજૂરી તેલમાં ઘસીને લેપ કરવો.

**માત્રા :**

વૈદ્યની સલાહ અનુસાર સેવન કરવું.

નોંધ ખજૂરી કાળીનો ઉલ્લેખ ફક્ત અમોને આર્યભિષક ગ્રંથમાં જોવા મળ્યો છે. સામાન્ય રીતે તેનો બહુ ઉપયોગ જોવા નથી મળતો. તેનાં વિવિધ નામો પણ પ્રાપ્ત નથી.

## ખડબૂચું (ઠંડક દેનાર)

**વિવિધ નામો :**

સંસ્કૃત : खर्बुज, मधुफला

અંગ્રેજી : Sweet Melon

હિન્દી : खरबूजा, लालमी

લેટિન : Tucumis Melo

**ઉત્પત્તિ સ્થાન :**

ભારતમાં ઉત્તર પ્રદેશ, બિહાર (મુજફ્ફરપુર - પટના), ગાજીપુર, અલ્લાહાબાદ તથા ગુજરાત - સૌરાષ્ટ્રમાં ખૂબ થાય છે. તે રેતાળ ભૂમિમાં નદીના પટમાં ઉનાળામાં ખાસ થાય છે.

**પરિચય :**

ખડબૂચું (ટેટી) ફળવર્ગ અને કોષાતકી કુળનું ખૂબ પ્રસિદ્ધ ફળ - વેલ છે. તરબૂચના વેલાની જેમ તેના વેલા જમીન પર ફેલાય છે. તેની ડાંડી ગોળ કે ખૂણાવાળી હોય છે. પાન ગોળ, કરકરાં, રૂવાંટીદાર, ખૂણાવાળાંને



ફુલ એકલિંગી, પીળાં કે સફેદ રંગનાં થાય છે. ફળ ગોળ કે લંબગોળ ચારે તરફ ૧૦ ધારી (રેખા) વાળા અને અંદર મધુર દળદાર ગર્ભના હોય છે. ગર્ભ ફળની જાત મુજબ કોઈ કેસરી કોઈ પીળા કે કોઈ લીલા રંગનો થાય છે. ફલના ગર્ભ મધ્યમાં લાંબા, ચપટાં, કાકડીનાં બી જેવા સફેદ અને બીજ હોય છે. આબોહવા, ભૂમિભેદથી ટેટીના બહારના રૂપરંગ અને સ્વાદમાં ભિન્નતા જણાય છે, પણ ગુણની દૃષ્ટિએ બધી સરખી છે. પાકી ટેટી સુધારીને કચુંબર કરી ખવાય છે. ટેટીનાં બી 'મગજતરીના બી' નામે દવામાં વપરાય છે. ટેટી ઉનાળુ ફળ છે.

**ગુણધર્મો :**

ખડબૂચું (સક્કર ટેટી) ગુણમાં શીતળ, સ્વાદે મધુર - ખાટી, જરા ભારે, રૂચિકર, પૌષ્ટિક પેટની શુદ્ધિકર્તા, સ્નિગ્ધ, વાત - પિત્તાશમક, વીર્યવર્ધક, મૂત્ર લાવનાર, બળપ્રદ, દસ્ત લાવનાર અને દાહ, મૂત્રની અટકાયત, ગાંડપણ, લોહીવિકાર, કોઢ, પ્રમેહ અને તૃષા રોગ મટાડનાર છે. પાકી ટેટી મુખ્યત્વે લીવર પર અસર કરે છે. તે નવું રક્ત બનાવે છે, જેથી કમળો, પાંડુ, કિડનીનાં દર્દ, હાઈ બ્લડપ્રેશર તથા માનસરોગોમાં લાભ કરે છે.

**ઔષદિ-પ્રયોગ :**

(૧) કબજિયાત : પાકી ટેટીના ટુકડા પર મરી - સિંધવ કે સાકર ભભરાવી રોજ ખાવી. (૨) મૂત્રાલ્પતા : રોજ પાકી ટેટી સાકર છાંટી ખાવી કે તેના બીજનું ચૂર્ણ પાણી સાથે લેવું. (૩) પથરી : ટેટીનાં બીજના ૧૦૦ ગ્રામ ચૂર્ણમાં ૧૦ ગ્રામ સુરોખાર મેળવી રોજ ૩ થી ૫ ગ્રામ દવા સવાર સાંજ પાણી સાથે લેવું. (૪) ત્વચાની કાળાશ : પાકી ટેટીના ટુકડા કરી ત્વચા ઉપર ઘસવા. (૫) હિસ્ટીરિયા : ટેટીના ટુકડા ઉપર સાર છાંટી, તેની પર લીંબુનો રસ નિચોવી રોજ ખાવી. (૬) લૂ લાગવી : ટેટીના ટુકડા ઉપર સાકર છાંટી ખાવી, તેનો રસ કાઢીને ચોપડવો, તેનું શરબત પીવું.

**માત્રા :**

તાસીર અનુરૂપ રૂચિ પ્રમાણે લેવું.

**રાસાયણિક ઘટકો :**

સક્કરટેટીમાં પાણી ૯૪.૧ ટકા, પ્રોટીન ૩ ટકા, ચરબી ૦.૧ ટકા, કાર્બોહાઈડ્રેટ ૫.૩ ટકા તેમજ વિટામિન 'એ' અને 'સી' પણ ઠીક ઠીક પ્રમાણમાં હોય છે.

## 'જેક્શન બ્રાઉન'ની ૫૫ સુંદર વાતો...

(૧) 'કેમ છો' કહેવાની પહેલ દર વખતે આપણે જ કરવી જોઈએ.
(૨) શ્રેષ્ઠ પુસ્તકો ખરીદવાની ટેવ રાખો, પછી ભલે તે વંચાય કે ન વંચાય
(૩) કોઈએ લંબાવેલો (દોસ્તીનો) હાથ ક્યારેય તરછોડવો નહીં.
(૪) બહાદુર બનો અથવા તેવો દેખાવ કરો.
(૫) આનંદમાં આવો ત્યારે વ્હીસલ વગાડતાં શીખો.
(૬) કોઈને પણ આપણી અંગત વાત કહેતા પહેલાં બે વખત વિચારવા કરો.
(૭) કોઈને મહેણું ક્યારેય ન મારો.
(૮) એક વિદેશી ભાષા શીખી લેવી સારી.
(૯) કોઈપણ આશાવાદીની વાતને તોડી પાડશો નહીં, શક્ય છે કે એની પાસે માત્ર એક જ આશા હોય છે.
(૧૦) ક્રેડીટ કાર્ડ સગવડ સાચવવા માટે છે, ઉધારી કરવા માટે નહીં.
(૧૧) રાત્રે જમતી વખતે ટી.વી. બંધ રાખો.
(૧૨) નકારાત્મક પ્રકૃતિના માણસોને મળવાનું ટાળો.
(૧૩) દરેક રાજકારણીને શંકાની નજરે જુઓ.
(૧૪) દરેક વ્યક્તિને બીજી તક આપો, ત્રીજી નહીં.
(૧૫) ટુથપેસ્ટ વાપર્યા પછી ઢાંકણું અવશ્ય બંધ કરો.
(૧૬) સંતાનો નાના હોય ત્યારેથી જ તેમનો પૈસાની કિંમત અને બચતનું મહત્વ સમજાવી દેવું.
(૧૭) જે ગાંઠ છોડી શકાય એવી હોય તેને કાપશો નહીં.
(૧૮) જેને તમે ખુબ જ ચાહતા હો તેની સતત કાળજી લેતા રહો.
(૧૯) તમને ન પોષાય તો પણ વારંવાર કુટુંબના સભ્યો સાથે પિકનિક પર જવાનું ગોઠવો.
(૨૦) કોઈપણ કોર્ટ કેસથી હજારો જોજન દૂર રહો.
(૨૧) ગોસિપ, નિંદા, જુગાર અને કોઈના પાગરની ચર્ચાથી દૂર રહો.
(૨૨) જિંદગીમાં તમોને હંમેશા ન્યાય મળશે જ એવું માનીને ચાલવું નહીં.
(૨૩) રવિવારે પણ થોડું કામ કરવાનું રાખો.
(૨૪) પત્તા રમીને સમય વેડફો નહીં, નહિંતર સમય તમને વેડફી નાખશે.
(૨૫) રસોડામાં ધોયા વિનાના વાસણો મૂકીને રાત્રે ઉંઘી જવું નહીં.
(૨૬) લોકોને તમારી સમસ્યાઓમાં રસ નથી હોતો એટલું યાદ રાખો.
(૨૭) અફસોસ કર્યા વિનાનું જીવન જીવો.
(૨૮) ક્યારેય હારવાની પણ તૈયારી રાખો પણ જીતવા માટે હંમેશા પ્રયાસ કરો.
(૨૯) મા-બાપ, પતિ-પત્નિ કે સંતાનોની ટીકા કરવાનું મન થાય ત્યારે જીભ પર કાબૂ રાખો.
(૩૦) ફોનની ઘંટડી વાગે ત્યારે રિસિવર ઉપાડીને સ્ફૂર્તિ ભર્યા અવાજે વાત કરો.
(૩૧) વાતચિતમાં શબ્દો વાપરતી વખતે કાળજી રાખો.
(૩૨) બાળકોના સ્કૂલના કાર્યક્રમમાં અવશ્ય હાજરી આપો.
(૩૩) બીજાની બુદ્ધી યશ તમે લઈ લેશો નહીં.
(૩૪) દિવસની શરૂઆત કરો ત્યારે હંમેશા નીચેના ૫ વાક્યો બોલો.
(A) I am the BEST (B) I can do it (C) GOD is always with me (D) I am WINNER (E) Today is my Day
(૩૫) ઘરડાં માણસો સાથે ખૂબ સૌજન્યતાથી અને ધીરજથી વર્તન કરો.
(૩૬) તમારી ઓફિસે કે ઘરે કોઈ આવે તો એને ઉભા થઈ આવકારો.
(૩૭) મોટી સમસ્યાઓથી દૂર ભાગો નહીં, મોટી તક એમાં જ હોઈ શકે છે.
(૩૮) ગંભીર બિમારીમાં ઓછામાં ઓછા ત્રણ મોટા ડોક્ટરોનો અભિપ્રાય લો.
(૩૯) શારીરિક ચુસ્તી કોઈપણ હિસાબે જાળવો.
(૪૦) બચત કરવાની શિસ્ત પાળો.
(૪૧) જે માણસ પગાર ચૂકવે છે તેની ક્યારેય ટીકા ના કરો.
(૪૨) ઉત્સાહી અને વિધેયાત્મક વિચારો ધરાવતી વ્યક્તિ બનાવવાનો પ્રયત્ન કરો.
(૪૩) સંતાનોને કડક શિસ્ત પાઠ ભણાવ્યા પછી તેને ઉષ્મા પૂર્ણ ભેટવાનું ભૂલશો નહીં.
(૪૪) કોઈને બોલાવવા ચપટી વગાડવી નહીં.
(૪૫) ઊંચી કિંમતવાળી વસ્તુઓની ગુણવત્તા પણ ઊંચી જ હશે એમ માની લેવું નહીં.
(૪૬) ઘરમાં એક સારો જોડણીકોશ વસાવો.
(૪૭) વરસાદ પડતો હોય ત્યારે ગાડીની હેડલાઈટ ચાલુ રાખો.
(૪૮) ઘર પોષાય એટલી કિંમતનું જ લેવું.
(૪૯) બૂટ હંમેશા પોલિશ્ડ રાખવા.
(૫૦) મારામારી થાય તો પહેલો મુક્કો આપણે જમારવાનો અને જોરદાર મારવાનો.
(૫૧) ભાષણ આપતાં પહેલાં ભોજન કરવું નહીં.
(૫૨) મત તો આપવો જ
(૫૩) સંગીતનું એકાદ વાંજિત્ર વગાડતા આવડવું જ જોઈએ (વાજિંત્રમા વ્હીસલનો સમાવેશ થતો નથી)
(૫૪) જમ્યા પછી ઈશ્વરનો આભાર અવશ્ય માનવો.
(૫૫) જિંદગી ખુશી ખુશી થી જીવો, પ્રેમથી જીવો, ગરીબની સેવા કરો ઈશ્વર રાજી થશે.

## મગફળીનું ઉત્પાદન વધુ થવાની શક્યતાએ ભાવમાં ઘટાડો

સમગ્ર દેશમાં આ વર્ષે તેલિબિયા પાકોનું વાવેતર ઘટ્યું છે. જોકે, સારા વરસાદના કારણે ઉત્પાદન સારૂ રહેવાની શક્યતા છે. ગુજરાતમાં આ વર્ષે મગફળીનું વાવેતર ૧૬ લાખ હેક્ટરની નજીકની સપાટીએ પહોંચ્યું છે. આ ઉપરાંત મગફળીનો પાક પણ ગુજરાતમાં સારો હોવાના અહેવાલ મળી રહ્યા છે. આ કારણે ગુજરાતમાં મગફળીનું ઉત્પાદન ૩૦ લાખ ટન આસપાસ રહે એવી શક્યતા વેપારીઓ સેવી રહ્યા છે. દેશના અનેક વિસ્તારોમાં નવી મગફળીની આવકોનો શુભારંભ થયો હોવાની માહિતી મળી રહી છે. આ સાથે ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. બુધવારે મગફળીમાં ગોંડલ માર્કેટયાર્ડમાં રૂ. ૫૨૦ થી રૂ. ૬૮૧, રાજકોટમાં રૂ. ૫૩૫ થી રૂ. ૬૭૮, કોડીનારમાં રૂ. ૫૫૧ થી રૂ. ૬૭૫, જૂનાગઢમાં રૂ. ૫૦૦ થી રૂ. ૬૩૦ની સપાટીએ ભાવ જોવા મળ્યા હતા. ગુજરાત સરકારના કૃષિ વિભાગે જાહેર કરેલા આંકડા પ્રમાણે તા. ૪ સપ્ટેમ્બર સુધીમાં



રાજ્યમાં ૧૫.૯૮ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર થયુ છે. ગાય વર્ષે આ સમયગાળા સુધીમાં રાજ્યમાં ૧૬.૩૦ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર નોંધાયુ હતું. આમ, ગયા વર્ષની સરખામણીએ ગુજરાતમાં મગફળીનું વાવેતર ઘટ્યું હોવાનું સરકારી આંકડા જણાવી રહ્યા છે. જોકે, છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ વાવેતર કરતા આ વર્ષે મગફળીનું વાવેતર ૧૫ ટકા વધ્યું છે.

## હળવદના યુવા ખેડૂત ગયા અઠવાડિયે કેબીસીની હોટસીટ પર જોવા મળ્યા

હળવદ તાલુકાના મેરૂપર ગામના યુવા ખેડૂત રૂપાભાઈ હડિયોલ બુધવારે અને ગુરુવારે સોની ચેનલના પ્રસિદ્ધ શો 'કૌન બનેગા કરોડપતિ'ની હોટસીટ પર જોવા મળ્યા હતા. સુપરસ્ટાર અમિતાભ બચ્ચન સાથે કૌન



બનેગા કરોડપતિમાં ચમકીને રૂપાભાઈએ સમગ્ર હળવદ પંથકની સાથે રાજ્યના ખેડૂતોનું ગૌરવ પણ વધાર્યું છે. રૂપાભાઈ ૧૫ વીઘા જમીનમાં ખેતી કરીને ગુજરાતન ચલાવે છે તેમજ માત્ર ૧૨ ધોરણ સુધી ભણેલા છે. જોકે, તેઓનું સામાન્ય જ્ઞાન સૌને આકર્ષિત કરે છે. આ પહેલા આઈપીએલની મેચ દરમિયાન દર્શકો માટે યોજાતી સ્પર્ધામાં પણ બે વખત રૂપાભાઈ મેદાન મારી ચુક્યા છે. જેમાં એક વખત સ્ટેડિયમમાં બેસીને મેચ જોવાનો લ્હાવો માણી ચૂક્યા છે અને એક વખત મોંઘો મોબાઈલ જીતી ચુક્યા છે.

# સંક્ષિપ્ત સમાચાર

સૌજન્ય : એગ્રી સાયન્સ

## હજુ જૂના ભાવે યુરિયા ખાતર વેચાતુ હોવાની ફરિયાદો ઉઠી

કેન્દ્ર સરકારે ગત તા. ૧ જુલાઈથી સમગ્ર દેશમાં તમામ ટેક્સ દુર કરીને જીએસટીની અમલવારી કરી છે. આ કારણે યુરિયા ખાતર પરનો ગુજરાત સરકારનો ૫ ટકા વધારાનો વેટ પણ દૂર થયો છે. જેની અસરથી યુરિયા ખાતરની થેલીના ભાવમાં



રૂ. ૨૧નો ઘટાડો થયો છે. પહેલા જે થેલી રૂ. ૨૧૧માં ખેડૂતોને મળતી હતી એ હવે રૂ. ૨૯૬માં ખેડૂતોને મળશે. રાજ્ય સરકારે આ અંગે એક નોટિફિકેશન પણ બહાર પાડ્યુ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે મોટાભાગના મથકોએ તા. ૧ સપ્ટેમ્બરથી ઘટાડેલા ભાવે યુરિયાનું વિધિવત વેચાણ થઈ ગયુ છે. જોકે, હજુ ઘણા મથકોમાં જુના ભાવે વેચાણ થઈ રહ્યુ હોવાની પણ ફરિયાદો સામે આવી હરી છે. ઓડિસા રાજ્યમાં ઘણી સહકારી મંડળીઓ હજુ જુના ભાવે ખાતરનું વેચાણ કરતી હોવાના ફરિયાદો સામે આવી છે. આથી ઓડિસાની સરકારે તમામ સહકારી મંડળીઓને ચેતવણી આપી છે અને ઘટાડેલા ભાવે વેચાણ કરવા કડક સુચના આપી છે.

## ચોમાસુ સિઝનમાં બાજરી, જુવાર, શાકભાજીના વાવેતરમાં ઘટાડો

ગુજરાત સરકારના કૃષિ વિભાગે છેલ્લે જાહેર કરેલા આંકડા પ્રમાણે તા. ૨૮ ઓગસ્ટ સુધીમાં રાજ્યમાં ૯૧ ટકા ચોમાસુ વાવેતર પૂર્ણ થયુ છે. જેમાં બાજરી, જુવાર, મકાઈ અને શાકભાજીના વાવેતરમાં ઘટાડો જોવા મળ્યો છે. ગયા વર્ષે આ સમયગાળા સુધીમાં રાજ્યમાં બાજરી વાવેતર ૧.૭૮ લાખ હેક્ટર હતુ. જે આ વર્ષે ૨૦ ટકા ઘટીને ૧.૩૩ લાખ હેક્ટર થયુ છે. જુવારનું વાવેતર ગયા વર્ષે આ સમયે ૬૨૮૦૦ હેક્ટર હતું. જે આ વર્ષે ૧૦ ટકા ઘટીને ૫૬૬૦૦ હેક્ટર થયુ છે. શાકભાજીનું વાવેતર ગયા વર્ષે ૨ લાખ હેક્ટર હતું. જે આ વર્ષે ૭ ટકા ઘટીને ૧.૮૫ લાખ હેક્ટર થયુ છે. સરકારના આંકડા પ્રમાણે ગયા વર્ષે આ સમયગાળા સુધીમાં રાજ્યમાં ૮૧



લાખ હેક્ટરમાં ચોમાસુ વાવેતર પૂર્ણ થયુ હતું. જ્યારે આ વર્ષે ૭૮ લાખ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે.

## મહિન્દ્રા ગ્રુપે લોન્ચ કરી ટ્રેક્ટરની નવી રેન્જ 'ટ્રેક્સ્ટાર'

ટ્રેક્ટર ઉત્પાદન ક્ષેત્રે દેશની અગ્રમી કંપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા દ્વારા ગુજરાત સરકાર સાથે ભાગીદારી કરીને ટ્રેક્ટરની નવી રેન્જ 'ટ્રેક્સ્ટાર' લોન્ચ કરવામાં આવી છે. ૩૦ એચપીથી લઈને ૫૦ એચપી સુધીની રેન્જમાં 'ટ્રેક્સ્ટાર' ટ્રેક્ટર ઉપલબ્ધ થશે. 'ટ્રેક્સ્ટાર'ના ઉત્પાદન માટે ગ્રોમેક્સ કંપનીની સ્થાપના કરવામાં આવી છે. ગ્રોમેક્સમાં ૬૦ ટકા હિસ્સો મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો છે અને ૪૦ ટકા હિસ્સો ગુજરાત સરકારનો છે. ગ્રોમેક્સમાં ત્રણ વર્ષમાં રૂ. ૧૫૦ કરોડનું રોકાણ કરવામાં આવશે. વડોદરા ખાતે આવેલા મહિન્દ્રા ગ્રુપના પ્લાન્ટ ખાતે 'ટ્રેક્સ્ટાર' ટ્રેક્ટરનું ઉત્પાદન થશે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના અન્ય



ટ્રેક્ટરો કરતાં 'ટ્રેક્સ્ટાર' રેન્જના ટ્રેક્ટરોની કિંમત સરેરાશ ૫ થી ૭ ટકા જેટલી નીચી રહેશે. હાલ પ્રથમ તબક્કામાં ઉત્તર પ્રદેશ, ઝારખંડ, બિહાર તેમજ પૂર્વ ભારતના વિવિધ વિસ્તારોમાં 'ટ્રેક્સ્ટાર'નું વેચાણ થશે. આ બાદ બીજા તબક્કામાં ગુજરાત, મહારાષ્ટ્ર, અસામ સહિતના રાજ્યોને આવરી લેવામાં આવશે. 'ટ્રેક્સ્ટાર' ટ્રેક્ટર માટે સરળ હપ્તાની લોન મહિન્દ્રા ફાઈનાન્સ દ્વારા ઉપલબ્ધ થશે. 'ટ્રેક્સ્ટાર' ટ્રેક્ટર ખરીદનાર ખેડૂતો મહિન્દ્રા ગ્રુપના સાહસ ટ્રીંગો દ્વારા ટ્રેક્ટર ભાડે આપીને વધારાની આવક મેળવી શકે એ માટેની સેવા આપવામાં આવશે.

## આગામી કાર્યક્રમો

- **તા. ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૭ ને શુક્રવાર પ્રદેશ કારોબારી તથા પ્રદેશ પ્રતિનિધી બેઠક સવારે ૧૦ થી ૪ કલાક સુધી યોજાશે.**
- **તા. ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૭ને શનિવાર સાગરી ઝોન સૌરાષ્ટ્રની જીલ્લાના કાર્યકર્તાઓની બેઠક તુલસી શ્યામ ખાતે સવારે ૧૦ થી ૪ સુધી યોજાશે.**
- **તા. ૨૪ સપ્ટેમ્બર, રવિવારના રોજ સૌરાષ્ટ્ર ઝોન-૧ના જીલ્લાના કાર્યકર્તાઓની બેઠક રાજકોટ ભા. મજદૂર સંઘ કાર્યાલય રાજકોટ ખાતે ૧૦થી ૪ સુધી યોજાશે.**

## બાગાયતી ખેતી દ્વારા છત્તીસગઢમાં સર્જાઈ કૃષિ ક્રાંતિ

નવી દિલ્હી ખાતે યોજાયેલ ગ્લોબલ એગ્રીકલ્ચર સમિટમાં બાગાયતી ખેતી માટેનો નેશનલ હોર્ટીકલ્ચર લીડરશીપ એવોર્ડ આ વર્ષે છત્તીસગઢ રાજ્યને એનાયત થયો છે. સ્થાપના થયાના માત્ર ૧૭ વર્ષમાં છત્તીસગઢમાં કૃષિક્ષેત્રનો નોંધપાત્ર વિકાસ જોવા મમળ્યો છે. વર્ષ ૨૦૦૪-૦૫માં છત્તીસગઢમાં બાગાયતી પાકોનું ઉત્પાદન ૧૭ લાખ ટન આસપાસ હતું. જે હાલ છ ગણુ વધીને ૯૮ લાખ ટનથી ઉપરની સપાટીએ




પહોંચ્યુ છે. આ પ્રસંગે આગામી પાંચ વર્ષ માટે છત્તીસગઢમાં બાગાયતી પાકોના વ્યાપ વધારવા માટેનો એકશન પ્લાન પણ સરકાર દ્વારા રજુ કરવામાં આવ્યો હતો. જેમાં બાગાયત ઉત્પાદન વધારવા રૂ. ૧૪૦૫ કરોડના રોકાણનું આયોજન સરકાર દ્વારા થયું છે. છત્તીસગઢમાં હાલ ૭૫ હજાર હેક્ટર જમીનમાં ટપક અને ફૂવારા પદ્ધતિ દ્વારા સિંચાઈ થાય છે. આગામી પાંચ વર્ષમાં વધુ ૨.૨૫ લાખ હેક્ટર જમીનને ટપક અને ફૂવારા પદ્ધતિ હેટળ આવરી લેવાનું સરકારનું આયોજન છે. કૃષિ નિષ્ણાતો દ્વારા આગામી પાંચ વર્ષમાં છત્તીસગઢના ૩૦ હજાર ખેડૂતોને તાલીમ આપવામાં આવશે તેમજ ૧૦૦ ખેડૂતોને ખેતીનું જ્ઞાન લેવા વિદેશ મોકલવામાં આવશે. આ ઉપરાંત કેરી, દાડમ, જામફળ, લીંબુ, આમળા, લીચી સહિતના પાકોનું દર વર્ષે વાવેતર વધે એ માટે પણ છત્તીસગઢ સરકારે પ્લાન તૈયાર કર્યો છે.





**'કિસાન સંદેશ' સાપ્તાહિકમાં ખેતી વિષયક લેખો, તથા સમગ્ર રાજ્યમાં બનતી અવનવી ઘટનાઓ પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો**

**'બલરામ મંદિર પરિસર' સે.૧૨/ડી, ગાંધીનગર.**

**ફોન : ૨૩૨૨૪૯૧૬**

### સુરેન્દ્રનગરમાં CM, કડીમાં Dy. CMના હસ્તે નર્મદા યાત્રાનો પ્રારંભ

# નર્મદા ડેમના બંધ થયેલા દરવાજા વિકાસના દ્વાર ખોલશે : મુખ્યમંત્રી

સુરેન્દ્રનગરમાં મા નર્મદા મહોત્સવ યાત્રાનો મુખ્યમંત્રી રૂપાણીએ આજે લીલીઝંડી આપીને પ્રારંભ કરાવ્યો હતો. આ તકે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સરકારે રાજયના તમામ શહેરો અને ગામોના બિસ્માર બનેલા રસ્તાઓ વિશે ચિંતા વ્યક્ત કરી છે. આ સંદર્ભે તમામ



### રાજ્યમાં બિસમાર તમામ રસ્તા બે માસમાં નવા કરવા મુખ્યમંત્રીનો આદેશ

કોર્પોરેશન, પાલિકાઓને જે રસ્તાઓ બિસ્માર બન્યા છે તે તમામ રસ્તાઓ તા. ૧૫ સપ્ટ. થી તા. ૧૫ નવેમ્બર દરમિયાન તાત્કાલિક સમારકામ કરવા કે નવા બનાવવા આદેશો આપ્યા છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે ૧૬ જૂને ડેમના દરવાજા બંધ કર્યા ત્યારે નર્મદા ડેમનો સંઘર્ષ પુરો થયો છે. આ દરવાજા બંધ થવા સાથે ગુજરાતના વિકાસના દ્વારા ખુલ્યા છે. સાથોસાથ ઝાલાવાડ વાસીઓને ૭ દિવસે પાણી મળતું હતું તે દિવસો ભુતકાળ બનશે. મુખ્યમંત્રીએ સૌની યોજનાની વિગતો આપતા કહ્યું કે આ યોજનામાં સૌથી વધુ ૨૨૦૦ કરોડના ખર્ચનો લાભ સુરેન્દ્રનગર જિલ્લાને થયો છે. સૌની યોજનામાં રાજયની કુલ ૬૨.૮૬ લાખ હેક્ટરથી વધુ જમીનને તથા સુરેન્દ્રનગર જિલ્લાના ૩૧૯ ગામની ૩ લાખ હેક્ટરથી વધુ જમીનને સિંચાઈનો લાભ મળશે. જેનાથી કપાસ, જરૂર અને વરિયાળીના પાકનો વાવેતર વિસ્તાર વધવાથી રાજયભરમાં ખેતીની ઉપજમાં નંધપાત્ર વધારો થશે.

મહેસાણા જિલ્લામાં નર્મદા મહોત્સવ રથયાત્રાનો કડી ખાતેથી બુધવારના રોજ પ્રારંભ કરવામાં આવ્યો હતો. નર્મદાના પાણીને વધાવવા માટે શરૂ કરવામાં આવેલી આ યાત્રા જિલ્લાના ૩૪૧ ગામડાઓમાં ફરનાર છે. નર્મદા ડેમના દરવાજા બંધ કરવાની મંજૂરી કન્દ્ર સરકારે આપીને ગુજરાતને જળ સંકટમાંથી ઉગાર્યુ હોવાનો ઉલ્લેખ રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે નર્મદા મહોત્સવ યાત્રાનો પ્રારંભ કરાવતા ઉલ્લેખ કર્યો હતો. વડાપ્રધાન મોદીના આ ઐતિહાસિક નિર્ણયને કારણે શહેર તેમજ ગામડાઓમાં પીવાના પાણી તેમજ સિંચાઈના પાણીની સમસ્યાઓનો ઉકેલ આવ્યો છે. જેનો લાભ રાજયના ૪ કરોડ લોકોને થવાનો છે તેવું તેમણે ઉમેર્યુ હતું. ઉપરાંત નર્મદા પાવર હાઉસમાં ૧૨ હજાર કરોડની જળ વિદ્યુત ૧,૨૫૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન થનાર છે. રાજયના ખેડૂતોની આવક રૂા. ૮ હજાર કરોડ થી વધીને ૧.૪૦ હજાર કરોડ થવાની સંભાવના છે. જયારે આ યોજના થકી ૪,૨૬,૭૮૦ કરોડ લીટર પાણી દરિયામાં વહી જતાં અટકશે.

# ૧૫ સપ્ટેમ્બરથી કપાસમાં આવશે ગુલાબી ઈયળનો કુદરતી રાઉન્ડ

ગુજરાતમાં કપાસનાં વાવેતર દરમિયાન ગુલાબી ઈયળનો ઉપદ્રવ જોવા મળ્યો હતો. બારે માસ કપાસનું વાવેતર કરવાનાં કારણએ આ ઈયળ જોવા મળી હતી. પરંતુ હવે ગુલાબી ઈયળનો કુદરતી રાઉન્ડ આવશે. આ અંગે જૂનાગઢ કૃષિ યુનિ.નાં કપાસ સંશોધન કેન્દ્રનાં ડૉ. એલ.કે. ધ્રુકે જણાવ્યું હતું કે, કપાસમાં ૧૫ સપ્ટેમ્બરથી ગુલાબી ઈયળનો કુદરતી રાઉન્ડ આવશે. જે ૧૫ ઓક્ટોબર સુધી જોવા મળશે.

આ સમયમાં કપાસમાં જીજવા વધારે હોવાનાં કારણે વધુ નુકશાન કરે છે. જયારે બીટી કપાસનું વાવેતર ન હતું ત્યારે પણ આ સમયમાં ઈયળ જોવા મળી હતી. દરેક જીવાતનું એક સ્ટેજ હોય છે. ગુલાબી ઈયળ ૧૫ સપ્ટેમ્બરથી જોવા મળશે. તો ખેડૂતોએ અત્યારથી સાવધાન થી જવાની જરૂર છે. અને તેના ઉપદ્રવને ઘટાડી શકાય.

### ગુલાબી ઈયળનાં નિયંત્રણ માટે શું કરવું

— **પ્રકાશ પિંજર મુકવા :** કપાસનાં ખેતરમાં બે બલ્બ મુકવા અને નીચે તગારામાં કેરોસીન કે અન્ય દવા રાખવી. સાંજનાં છ થી સવારનાં છ વાગ્યા સુધી ચાલુ રાખવા જોઈએ છે.

— **ફેરોમેન ટ્રેપ મુકવા :** હાલ બજારમાં ફેરોમેન ટ્રેપ મળે છે. ફેરોમેન ટ્રેમ નર ફુદાને પકડે છે ફેરોમેનનાં કારણએ નર ફુદાનું મૃત્યુ થાય છે જેથી ગુલાબી ઈયળ પેદા કરતી જીવાતને અટકાવી શકાય.

— **બંધ ફુલનો નાશ કરવો :** કપાસમાં ઘણા ફુલ બંધ હોય છે. ખુલ્યા ન હોય તેવા ફુલને વીણી લેવા જોઈએ. આ ફુલની અંદર ઈયળ હોય છે. ખેડૂતોએ ખેતરમાં આંટો મારી આવા ફુલ વીણી તેનો નાશ કરવો જોઈએ. આ ઉપરાંત રાસાયણીક દવા અથવા જૈવિક દવાનો ઉપયોગ કરવો જોઈએ.

### 'સૌની' યોજનાથકી સૌરાષ્ટ્રના ખુણે ખુણા સુધી

અનુ. પાના ૮ નું ચાલુ

સૌરાષ્ટ્રની ધરતીને હરિયાળીથી મઢવા માટે શરૂ કરેલી 'સૌની' યોજનાનું સઘન અમલીકરણ થઈ રહ્યું છે. 'સૌની' યોજનાથી પીવાના પાણીની અને સિંચાઈની સમસ્યાનું નિરાકરણ થશે એણ તેમણે જણાવ્યું હતું.

રાજયમંત્રી શ્રી નાનુભાઈ વાનાણીએ પોતાના પ્રવચનમાં યોજનાની વિગતો આપી સૌને આવકાર્યા હતા. તેમજ આભાર વિધિ કલેક્ટરશ્રી ડૉ. વિક્રાંત પાંડેએ કરી હતી. આ વેળાએ કેન્દ્રીય મંત્રી મંડળના સભ્યો શ્રી બાબુભાઈ બોખીરીયા, શ્રી જયેશભાઈ રાદડિયા, શ્રી ચિમનભાઈ સાપરિયા, શ્રી આત્મારામભાઈ પરમાર, શ્રી જશાભાઈ બારડ, પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ, સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, શ્રી દેવજીભાઈ ફતેપરા, શ્રી શંકરભાઈ વેગડ, શ્રી રાજેશભાઈ ચુડાસમા, ડૉ. ભારતીબેન શિયાળ, અગ્રણીશ્રી ભરતભાઈ બોઘરા ઉપરાંત વરિષ્ઠ અધિકારીઓ, સ્થાનિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### સાપ્તાહિક સુવિચાર

**આદત ધીમે ધીમે જરૂરિયાત બની જાય ત્યારે માનવીની મજબૂરી જીવનને મૂરઝાવી દે છે.**

# ભારતીય કિસાન સંઘ દ્વારા બોટાદમાં પાળીયાદ રોડ કુંભારની ધર્મશાળા ખાતે બલરામ જયંતિની ઉજવણી

બોટાદ ભારતીય કિસાન સંઘ દ્વારા આજે પાળીયાદ રોડ કુંભારની ધર્મશાળા ખાતે બલરામ જયંતિની ઉજવણી કરવામાં આવેલ. જેમાં પશુઓને ઘાસ, દવાખાનામાં દર્દીઓને ફ્રુટનું વિતરણ, ગરીબ માણસોને મીઠાઈ મોહનથાળ ગાંઠીયા વિગેરેનું વિતરણ કરવામાં આવેલ. તેમજ સમગ્ર બોટાદ જિલ્લાનાં કિસાનો દ્વારા કીડીયારૂ પુરવામાં આવેલ ને બલરામ ભગવાનની પ્રાર્થના કરવામાં આવેલ. ત્યારબાદ કસોની જુદી જુદી માંગણી જેવી કે (૧) બોટાદ જિલ્લાનાં ખેડૂતોને માટે સરકાર દ્વારા તાત્કાલિક વીમો જાહેર કરવો (૨) રોજડા અને ભુંડનો ત્રાસ હોય તાર ફેન્સીંગ આપવામાં માંગ (૩) ૭-૧૨-૮નાં દાખલા મહેસુલ વિભાગમાંથી ફ્રી આપવામાં માંગ (૪) વિજ ચેકીંગ માં ૧૩૫ની કલમ નાબુદ કરવા (૫) બોટાદ વન વિભાગમાં નાયબ વન વિભાગ ડીએફઓ દ્વારા પુષ્કળ ભ્રષ્ટાચાર થયેલ છે તેનો રીપોર્ટ આપવા તેમજ વિજીલન્સ બ્રાન્ચને તપાસ સોંપવા માંગ (૬) પ્રાંત કચેરીમાં કિસાનોને બંદુકના લાયસન્સ લેવામાં ૫૦ હજારથી એક લાખ સુધીની રકમ લેવામાં આવે છે તેની તપાસ કરવા માંગ (૭) કપાસનાં ૨૦ કિલોનાં ૨૫૦૦ નો ભાવ, કાળાતલ ૨૫૦૦, સફેદદલ ૨૦૦૦, શિંગ ૧૨૦૦ નો ભાવ તેમજ દરેક શાકભાજી ૫૦ રૂપિયા કિલો મળે તેવી માંગ ભારતીય કિસાન સંઘ બોટાદનાં પ્રમુખ ઈન્દ્રસિંહ રાયજાદા દ્વારા માંગ કરવામાં આવેલ છે તેમજ થ્રી વ્હીલ ટેમ્પાને બળદ ગાડુ માનતા આપવી.


લોક હીતમ્ મમ્ કરણીયમ્

**શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીલી. જૂનાગઢ**

મલ્ટી - ડીસ્ટ્રીક્ટ, ISO 9001-2015 પ્રમાણીત સોસાયટી

રજી. નં. સ/૩૧૧૧/૯૭, તા. તા. ૨૨/૧૦/૧૯૯૭

હેડ ઓફીસ : 'કેશ ભવન', રાણી લક્ષ્મીબાઈ ચોક, સરદારબાગ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧

ફોન : ૦૨૮૬-૨૬૩૫૭૦૪, ૨૬૩૬૧૬૧. email : keshav.ho.jnd@gmail.com

**— 'કેશવ'નું ધ્યેય' —**

'વ્યક્તિ ઉત્કર્ષ દ્વારા પરિવાર ઉત્કર્ષ' 'પરિવાર ઉત્કર્ષ દ્વારા ગ્રામ ઉત્કર્ષ'
'ગ્રામ ઉત્કર્ષ દ્વારા રાષ્ટ્ર ઉત્કર્ષ' એટલે કે 'પરમ્ વૈભવમ્ નેતુમ્ એતત્ સ્વરાષ્ટ્રમ્'

**૩૧ માર્ચ ૨૦૧૭ ના રોજની નાણાકીય સ્થિતી :**

- શેરમૂડી : રૂા. ૧.૯૭ કરોડ • અનામતો : રૂા.૪.૨૩ કરોડ • થાપણો : રૂા. ૫૮.૭૪ કરોડ
- ધિરાણ : રૂા. ૩૯.૫૭ કરોડ • ચોખ્ખો નફો : રૂા. ૧.૪૦ કરોડ • નેટ એન.પી.એ. : 'શૂન્ય'
- સભાસદ સંખ્યા : ૨૫૦૦૦ થી વધારે

**કેશવ દ્વારા સામાજીક સેવાકીય પ્રકલ્પો :**

- શૈક્ષણિક માર્ગદર્શન • કારકીર્દી માર્ગદર્શન • વ્યવસાયી માર્ગદર્શન,
- રાષ્ટ્રી તહેવારોની ઉજવણી • સભાસદ કલ્યાણ યોજના
- ગ્રામીણ વિકાસ પ્રકલ્પ • મહીલા સશક્તિકરણ યોજના

**'કેશવની સિધ્ધીઓ' :**

(૧) ઓગણીસ વર્ષથી સમાજની સેવામાં અવિરત કાર્યરત
(૨) સ્થાપના સમયથી દર વર્ષે સતત ઓડીટ વર્ગ-અ (૩) સભાસદોને મહત્તમ ૧૫ ટકા ડિવીડન્ડ.
(૪) ૨૪ કલાકમાં ધિરાણ (૫) કેશવ દ્વારા ૧૨૪ ગામોમાં ગ્રામીણ વિકાસની પ્રવૃત્તિઓ (૬) બધીજ શાખાઓ 'કોર બેન્કીંગ સિસ્ટમ થી જોડાયેલી' (૭) સાત જિલ્લાઓમાં શાખાઓ ધરાવતી તથાૈંજી ૯૦૦૧:૨૦૧૫ સર્ટીફાઈડ ગુજરાતની પ્રથમ સોસાયટી.

**'કેશવ' વિઝન ૨૦૨૦ :**

(૧) ગુજરાતના દરેક જિલ્લામાં 'કેશવ'ની શાખાઓ શરૂ કરવી. (૨) આગામી ત્રણ વર્ષમાં ગુજરાતના ૧૦૦૦ થી વધારે ગામોમાં ગ્રામીણ વિકાસની કામગીરીનું આયોજન (૩) જ્યાં જ્યાં 'કેશવ' ત્યાં ત્યાં ગ્રામીણ વિકાસ, સ્વાવલંબન અને સમૃદ્ધી.

**કેશવ ક્રેડીટની ૧૪ શાખાઓ તથા ૨ એક્સટેન્શન કાઉન્ટર સાથેનું વિશાળ નેટવર્ક :**

જૂનાગઢ, ઉના, વંથલી, મેંદરડા, કેશોદ, વેરાવળ, માણાવદર, ધોરાજી, ભાયાવદર, અમરેલી, જામ જોધપુર, પોબંદર, ગોંડલ માંગરોળ તથા જૂનાગઢમાં ૨ એક્સટેન્શન કાઉન્ટર

| | | |
|---|---|---|
| હરસુખભાઈ પંડ્યા | નંદકિશોરભાઈ ગરાચ | છગનભાઈ પેથાણી |
| ચેરમેન | વાઈસ ચેરમેન | વાઈસ ચેરમેન |
| મનહરભાઈ સુચક | નરેન્દ્રભાઈ ભુત | સમીરભાઈ જોષી |
| મેનેજીંગ ડીરેક્ટર | જો. મેનેજીંગ ડીરેક્ટર | જનરલ મેનેજર |



# આરોગ્ય દાતા દેશી ગાય

## શા માટે ગાયનાં દૂધ-ઘી અમતૃ છે

**અમારું સર્વે :**

૧૬ વર્ષમાં ૫૦૦૦ થી વધુ ગામો અને ૧૦૦ થી વધુ શહેરોના લોકોના આરોગ્યનું ઊંડાણથી સર્વે કર્યા પછી અમારું તારણ છે કે જે પ્રજા દેશી ગાયનાં દૂધ, ઘી, છાશ પરંપરાથી ખાય છે, એ પ્રજા સૌથી વધુ શક્તિશાળી, નીરોગી, યૌવનશાળી, પ્રચંડ કામશક્તિવાળી, આરોગ્યવાન અને ફળદ્રુપ (સંસતિવાન) છે. આ પ્રજામાં હૃદયરોગ, કેન્સર, ડાયાબિટીસ, ઘૂંટણ કે શરીરનો વા અને ઘસારો, શ્વાસ કોઢ, ચામડીના રોગ, કે આંખનાં ચશ્મા ક્યાંય જોવા મળ્યાં નથી. જ્યારે ભેંસનાં દૂધ, ઘી, છાશ ખાનારા લોકોમાં હૃદયરોગ, ડાયાબિટીસ, કોલેસ્ટેરોલ, જાડાં શરીર, જાડી અને નિસ્તેજ ચામડી, મોટીફાંદ, આળસુ સ્વભાવ, ઘુંટણનો વા અનએ ઘસારો, કફ, શરદી, શ્વાસ અને બાળકોમાં આંખોનાં ઓછાં તેજનું પ્રમાણ ઘણું વધુ જોડા મળ્યું છે. જ્યારે ગામડાં અને શહેરોના ગરીબ મજૂરો અને કારીગરો કે જેઓ ગાય રાખતા નથી અને ગરીબીના કારમએ દૂધ, ઘી ખાઈ શકતા નથી તે પ્રજાનાં શરીર દુબળાં, ફીક્કાં, કમજોર, અલ્પ કામશક્તિવાળા અને નાના કદનાં હોય છે. આંખ ઊંડી ઉતરી ગયેલી અને ચમક વગરની હોય છે. આ પ્રજાને પૂર્ણ યૌવન આવતું જ નથી. અને વહેલી વૃદ્ધ થઈ વહેલી મરી જાય છે. આ પ્રજાનાં બાળકો, યુવાનો અને વૃદ્ધો જોતાં જ જુદાં તરી આવે છે.

**દેશી ગાયથી હાનિકારક ક્ષારો અને ઝેરથી મુક્તિ :**

અમરેલી જિલ્લાનાં લાઠી-લીલિયા તાલુકાનાં ગામોનાં ભૂતળમાં દેશમાં સૌથી વધઉ ફ્લોરાઈડ અને ક્ષારવાળું પાણી છે. આ પ્રદેશમાં ૫૦ ગામોનું સર્વે કરતાં માલૂમ પડ્યું કે જે ખેડૂતો, મજૂરો, કારીગરો, વેપારી કે નોકરિયાતો ભેંસનાં દૂધ, ઘી, છાશ ખાય છે, તે પ્રજાને ક્ષારવાળું પાણી પીવાથી ૪૦ વર્ષની ઉંમરે ઘુંટણ અને શરીરનો વા થઈ જાય છે. મોટા ભાગના લોકો પગવાળીને બેસી પણ શકતા નથી, ૪૦ વર્ષની ઉંમરે ચામડી નિસ્તેજ થઈ જાય છે. અને વૃદ્ધત્વ દેખાય છે. આ પ્રજામાં ડાયાબિટીસ, હૃદયરોગ અને કિડનીના રોગનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે. જ્યારે આ જ પ્રદેશમાં પરંપરાથી દેશી ગાયો પાળનાર અને ગાયનાં દૂધ, ઘી, છાશ ખાનાર ભરવાડ પ્રજામાં ઉપરની કોઈ શારીરિક તકલીફ જોવા મળી નથી. આના ઉપરતી ફલિત થાય છે કે દેશી ગાયનાં દૂધ, ઘી, છાશ, દહીં, માખણનો આહાર હવા, પાણી અને ખોરાકથી શરીરમાં પ્રવેશતા ફ્લોરાઈડ જેવા હાનિકારક ક્ષારો, જંતુનાશક દવાઓનું ઝેર અને કેમિકલોને માનવ શરીરમાં જમા થતાં અટકાવે છે, કે હોય તો તેનો નિકાલ કરીને માનવને પ્રદૂષિત વાતાવરણમાં પણ નીરોગી રાખે છે.

કચ્છ, ઉત્તર ગુજરાત, રાજસ્થાનના ૩૦૦ થી વધુ ગામોમાં અણે જાતે જઈ સર્વે કર્યો કે ત્યાંની કાંકરેજ, થરપારકર, રાઠી, નાગોરી, નારશિંગી દેશી ગાયો પાળનારા રબારી, રાજપૂત, મુસ્લિમ ગોપાલક પ્રજાના હજારો પરિવારોમાં કોઈને કેન્સર, હૃદય રોગ, શ્વાસ, આંખોનાં ચશ્મા, વધુ ચરબી, ડાયાબિટીસ, સાંધાનો દુઃખાવો - વા, નબળાઈથી વંધ્યત્વ, કોઢ કે ચામડીના રોગો બિલકુલ નથી. પશ્ચિમ રાજસ્થાનનાં ગામડાઓમાં માનવવસ્તી કરતા દેશી ગાયો વધુ છે. આ લોકો દૈનિક અને વાર્ષિક વપરાશમાં તેલ સાવ અલ્પ ખાય છે. અને ઘી ખૂબ વધુ ખાય છે. બધી જ પ્રજા પાતળી, ઊંચી, સુંદર અને નિરોગી છે. દેશી ગાયનાં દૂધ - ઘી - છાશ ખાનારી પ્રજા મહેનત, ચાલવા - દોડવામાં પણ પાણીદાર માલૂમ પડે છે. લોકો પરંપરાથી માને છે કે દેશી ગાયનાં દૂધ, દહીં, છાશ કચ્છ - રાજસ્થાનની આગ જેવી ગરમી સામે પ્રતિકારક શક્તિ આપે છે અને ભેંસનાં દૂધ - ઘી થી ગરમી વધુ લાગે છે. ગુજરા, મ.પ્ર. મહારાષ્ટ્ર, ઓરિસ્સા, છત્તીસગઢ, ઝારખંડના આદિવાસીઓ માને છે કે દેશી ગાયના દૂધ - ઘી છાશ ગરમીથી રક્ષણ કરે છે અને દોડવાની શક્તિ આપે છે. જ્યારે ભેંસના દૂધ, ઘીની વિપરિત અસર છે.

સૌરાષ્ટ્રના ચોટીલા તાલુકાનું બામણબોર ગામમાં ૧૫૦ ઘર ગોપાલકોના છે. આ પ્રજા પરંપરાથી ગાયો રાખતી હતી ત્યારે સંપૂર્ણ તંદુરસ્ત, સુડોળ, પ્રચંડ તાકાતવાળી અને ચાલવા - દોડવા - પરિશ્રમમાં ભારે પાણીદાર હતી. દુર્ભાગ્યે દૂધની ડેરીઓ થઈ અને ફેટ આધારિત દૂધના ભાવો થયાં. ડેરીની પ્રજાવિનાશક નીતિથી લલચાઈને ગોપાલકોએ ગાયો કાઢીને ભેંસો વસાવી. માત્ર ૨૫ વર્ષમાં બધાના શરીર ચરબીવાળા અને રોગના ઘર બન્યા છે. ૪૦ વર્ષની ઉપરના ૭૫ ટકા ભાઈ - બહેનોને ડાયાબિટીસ, હૃદયરોગ અને ઘુંટણનો દુઃખાવો છે. બધાના શરીર જાડા અને સ્વભાવ આળસુ થઈ ગયાં છે. આવું જ શહેરોની આસપાસના ગામોમાં, મહેસાણાથી વાપી સુધીના ઉત્તર - મધ્ય ગુજરાતમાં પંજાબ, હરિયાણા, યુ.પી. અને ડેરીઓના દૂધ ખાનારી શહેરી પ્રજામાં બન્યું છે. ભેંસના દૂધ, માખણ, ઘી, દહીં, છાશ સખત પરિશ્રમ કરનાર યુવાનોને જ થોડી માત્રામાં પચે છે. બાળક, અલ્પ પરિશ્રમ કરનાર યુવાપેડી અને વૃધ્ધોને પચતા જ નથી, એથી તેનાથી ડાયાબિટીસ, હૃદયરોગ, જાડું શરીર થાય છે અને અશક્ત - બીમારને મૃત્યુ તરફ લઈ જાય છે. અમારું તારણ છે કે ભેંસના દૂધ, ઘી, છાશ માનવના શરીર કરતા પણ મન, બુદ્ધિ, સંવેદના (હૃદય)ને વધુ હાનિકારક છે. એથી જ શાસ્ત્રોમાં ભેંસને આસુરી પ્રાણી અને તેના દૂધને આસુરી પદાર્થ કહ્યાં છે. આ ધાર્મિક માન્યતા નથી પણ પ્રકૃતિનું શાશ્વત સત્ય છે. જર્સી / એચ.એફ. વર્ણસંકરણ પ્રાણીઓના દૂધ, ઘી, છાશ ભેંસ કરતા પણ વધુ હાનિકારક છે કેમકે એ પ્રાણી જડ (ચેતનહીન) અને અપ્રાકૃતિક (અકુદરતી) છે. પ્રકૃતિ વિરુદ્ધનો પદાર્થ અને પ્રકૃતિ વિરુદ્ધનું કર્મ વિનાશક જ હોય છે.

**ઓજસ - તેજસ વૃદ્ધિ :**

અમે હજારો ગામોમાં ભેંસો, જર્સી / એચ.એફ. જાનવરો કઢાવીને જાતવાન દેશી ગાયો બંધાવી, અમે બારિકાઈથી જોયું કે, દેશી ગાયના દૂધ, ઘી, માખણ, છાશના આહારથી સાત વર્ષે ૧૦૦૦ થી વધુ સ્ત્રી - પુરુષોના શરીરમાં ઓજસ વૃદ્ધિ થઈ. ચહેરાની કાળાશ, કરચલીઓ દૂર થઈ. ચહેરો, હાથ - પગ ગુલાબી ચમકતા થયાં. આરોગ્ય અને શક્તિમાં ખૂબ વધારો જોયા મળ્યો. જે સગર્ભાઓને દેશી ગાયના દૂધ, માખણ, ઘીનું પોષણ મળ્યું અને ગાયના દૂધ, માખણથી બાળકોનો ઉછેર થયો એ પ્રચંડ પાણીદાર, તેજસ્વી, નિરોગી જોવા મળ્યાં. આયુર્વેદ ઋષિ પાંચાભાઈ દમણિયાએ અમારા આ નિરિક્ષણને નવી શોધ તરીકે નોંધ લીધી.

સોળ વર્ષનો અભ્યાસ અને પરિણામો જોઈને અણારું મંતવ્ય છે કે, આંગણે જાતવાન દેશી ગાય સાચે જ દિવ્ય જીવનદાતા, ઝેરમુક્તિદાતા, દિવ્ય વંશદાતા અને સમૃદ્ધિદાતા માનવની સવાઈ માતા છે. એથી વિશ્વમાતા છે.

**હે ભારતવાસીઓ, જીવનરક્ષા, વંશરક્ષા અને ગોરક્ષા કાજે દેશી ગાયના જ દૂધ, ઘી, માખણ, દહીં, છાશ ખાવાનો સંકલ્પ કરીએ..**

*ક્રમશઃ*



તાલુકો ધારી જીલ્લો અમરેલીમાં બલરામ જયંતિ ઉજવણી ધામધૂમ પૂર્વક થયેલ ઉજવણી. જેમાં ગામના રહીશોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.

**કિસાન સંદેશના તમામ એજન્ટો, વાચકમિત્રો તથા તમામ જિલ્લા / તાલુકાના પ્રમુખ કાર્યકરો જોગ...**

**દિવાળી વિશેષાંક અંગે**

આગામી દિવાળી વિશેષાંકની તૈયારીઓની શરૂઆત થઈ ચૂકી છે. સમય સંજોગોને ધ્યાને લઈ બેઠક રાખેલ નથી. આપ સૌ પ્રતિવર્ષ દિવાળી વિશેષાંકની જાહેરાતો આપીને સહયોગ આપો જ છો. જાહેરાત લેવા માટેના પત્ર ન હોય તો કાર્યાલય ફોન કરીને મંગાવી લેશો. હાલથીજ કાર્યની શરૂઆત કરી દઈએ મોડામાં મોડા ૫ ઓક્ટોબર ૨૦૧૭ સુધી કાર્યાલયને મળનાર જાહેરાતોને જ વિશેષાંકમાં સમાવી શકાશે... તેનું ધ્યાન રાખીશું.

: સંપર્ક માટે :

મનીષ પંચાલ : ૯૯૦૯૦૦૦૨૧૪

## રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે અશક્ય કાર્યને શક્ય બનાવી

# ‘સૌની’ યોજનાથકી સૌરાષ્ટ્રના ખુણે ખુણા સુધી પાણી પહોંચાડવા બદલ રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા

### ‘‘સૌની’’ યોજના દ્વારા નર્મદાનું પાણી સૌરાષ્ટ્રના ખેડૂતો, પશુઓ, પ્રજાજનોને મળતું થતાં હરિયાળી ક્રાંતિનું સપનું પાર પડશે : મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી

### ‘‘સૌની’’ યોજના આવનારા દિવસોમાં ગુજરાતના ખેડૂતને રાષ્ટ્રની કૃષિક્રાંતીમાં અવ્વલ બનાવશે : રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલી

**● જળ સંશાધનોના વ્યાપક ઉપયોગથી ગુજરાતે હાંસલ કરેલી પ્રગતિ સમગ્ર દેશ માટે નમૂનારૂપ : રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ**

**● ‘સૌની’ યોજના અંતર્ગત લીંક-૪માં બીજા તબક્કાના રૂા. ૧૦૬૮.૬૩૨ કરોડના કામનું રાષ્ટ્રપતિશ્રીના હસ્તે ખાતમૂહૂર્ત**

રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઈ યોજના - ‘સૌની’ યોજનાની લીંક-૪ના બીજા તબક્કાના રૂા. ૧૦૬૮.૬૩ કરોડના કામોનું ખાતમુહૂર્ત કર્યુ હતું. તેમણે સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ ઘેલા સોમનાથ મહાદેવ મંદિરના દર્શન કરી પૂજા - અર્ચના કરી હતી ને ભગવાન ઘેલા સોમનાથ પાસે સમગ્ર દેશ અને સૌરાષ્ટ્રના નાગરિકોની ખુશાલી અને સમૃદ્ધિની કામના કરી હતી. ગુજરાત પધારેલા રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ગુજરાતને પોતાનું બીજું ઘર ગણાવ્યું હતું અને ગુજરાત સાથેના પોતાના સંસ્મરણો તાજા કર્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીતેમની સાથે રહ્યા હતા.

રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે જળસંશાધનોના વ્યાપક અને અસરકારક ઉપયોગથી ગુજરાતે હાંસલ કરેલી પ્રગતિ માટે ગુજરાતને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, આ યોજના સમગ્ર દેશ માટે નમૂનારૂપ સાબિત થઈ છે અને અન્ય રાજ્યો પણ આ મોડેલ અપનાવી રહ્યા છે. સામાજિક અને આર્થિક વિકાસ ક્ષેત્રે ગુજરાત દેશના અન્ય રાજ્યો માટે પ્રેરણાદાયી બન્યું છે, એ વાત રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદે ગૌરવાન્વિત સ્વરે ઉચ્ચારી હતી અને ઉમેર્યું હતું કે, ‘પર ડ્રોપ - મોર ક્રોપ’ના સૂત્રથી સિંચાઈ અને નહેરો બિછાવીને તથા ‘વાસ્મો’ ના માધ્યમથી ગુજરાતે કચ્છના રણમાં પાણી પહોંચાડ્યું છે તે ગુજરાતના શાસકોની દીર્ઘદ્રષ્ટિનું પરિણામ છે.




ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓમ પ્રકાશ કોહલીજી એ ‘સૌની’ યોજનાની સૌરાષ્ટ્રના ગામે ગામ, ખેતરે ખેતરને પાણી પહોંચાડવા કરેલા ભગીરથ આયોજનની સરાહના કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ચાર લીંકના તબક્કાવારના કામોના માધ્યમથી સમગ્ર સૌરાષ્ટ્રને સિંચાઈથી આવરી લેવાનું આ પગલું આવનારા દિવસોમાં ગુજરાતના ખેડૂતને રાષ્ટ્રની કૃષિ ક્રાંતિમાં અવ્વલ બનાવશે. રાજ્યપાલશ્રીએ એમ પણ કહ્યું હતું કે, ‘સૌની’ યોજના દ્વારા નર્મદા જળથી ૧૧૫ જળાશયો ભરાશે અને ૮ લાખથી વધુ હેક્ટર જમીન અને ૧૨૯૭ ગામો તથા ૩૧ શહેરોને જળ સંકટમાંથી મુક્તિ મળવાની છે. તેમણે આ બહુહેતુક ‘સૌની’ યોજનાના લીંક-૪ના બીજા તબક્કાનો શિલાન્યાસ અવસર રાષ્ટ્રપતિશ્રીના વરદ હસ્તે થયો છે તેને સૌ ગુજરાતીઓ માટે આનંદનો અવસર ગણાવ્યો હતો. રાજ્યપાલશ્રીએ આજનો અવસર વિકાસની નવી દિશા તથા દ્વાર ખોલશે તેમ જણાવ્યું હતું ને આ વિકાસ જ ગુજરાતને સર્વાંગી પ્રગતિના પંથે અગ્રેસર રાખશે તેમ પણ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ‘સૌની’ યોજના દ્વારા નર્મદાનું પાણી સૌરાષ્ટ્રના ખેડૂતો, પશુઓ, પ્રજાજનોને મળતું થતાં હવે હરિયાળી ક્રાંતિનું સપનું સાકાર થશે. તેમણે જણાવ્યું કે, રાષ્ટ્રપતિ પદે નિયુક્તિ બાદ શ્રી રામનાથજી કોવિંદે પ્રથમ જાહેર કાર્યક્રમ ગુજરાતની ધરતી પર કર્યો છે, એ આપણા માટે ગૌરવરૂપ ઘટના છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ૧૯૪૬માં સરદાર સાહેબે નર્મદા ડેમની જે કલ્પના કરેલી તે પર્યાવરણ, પુનર્વસનના નામે યેનકેન વિરોધોમાં અટવાતી રહી. ૧૯૬૧માં પાયો નંખાયા પછી આ યોજના છેક ૨૦૧૭માં વર્તમાન પ્રધાનમંત્રીશ્રીના દષ્ટિવંત આયોજનમાં પૂર્ણ થઈ છે, તેનો હર્ષ તેમણે વ્યક્ત કર્યો હતો. શ્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, જેમણે વિકાસ જોયો નથી, વિકાસની દિશાની પહેચાન નથી તેવા લોકો ‘સૌની’ યોજનનો વિરોધ કરીને શંકા - કુશંકા કરતા હતા. આવા વિકાસ વિરોધીઓને જડબાતોડ જવાબ આપતા સૌરાષ્ટ્રના ૮૦ જેટલા તળાવો અને ૧૧૫ જળાશયો નર્મદા નીરથી ભરીને અમે, સૌરાષ્ટ્રના ખેડૂતને સાચા અર્થમાં જગતનો તાત બનાવ્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આજે દેશ આખામાં વિકાસનો નવો અધ્યાય શરૂ થયો છે ત્યારે ‘સૌની’ યોજનાથી સૌરાષ્ટ્રની કાયાપલટ થઈ છે. સૌરાષ્ટ્રને સધિયારો મળ્યો છે. અને જળ સમસ્યાને દેશવટો આપવામાં સૌના પ્રયત્નોને સફળતા મળી છે. તેમણે પાણીનો સંયમિત નએ વિવેકપૂર્ણ ઉપયોગ કરીને આવનારી પેઢી માટે જળ સંરક્ષણ - જતન માટે સૌને પ્રેરણાદાયી અનુરોધ કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે કહ્યું હતું કે, આઝાદી બાદ પ્રથમ વખત આ વિસ્તારમાં રાષ્ટ્રપતિશ્રી પધાર્યા છે, તે સૌ કોઈ માટે આનંદની વાત છે. આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ

અનુ. પાના ૫ પર...

**રાષ્ટ્રપતિશ્રીના કાર્યક્રમ સાથે સાથે...**

● વિંછીયા તાલુકામાં આવતી ઘેલા નદીના કિનારે ‘સૌની’ યોજનાના લિંક-૪ના બીજા તબક્કાનો શિલાન્યાસ સમારોહ રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાયો હતો. ● વિશાળ સંખ્યા મંડપમાં વહેલી સવારથી લોકોનું આગમન થવા લાગ્યું હતું. ગ્રામીણ પહેરવેશમાં આવતા લોકોથી ભાતીગળ સંસ્કૃતિના દર્શન થયાં હતા. ● રાષ્ટ્રપતિશ્રીના આગમન પૂર્વે સભા મંડપ ખીચોખીચ ભરાઈ ગયો હતો અને શ્રી કોવિંદજીને નિહાળવા - સાંભળવા માટે લોકો આતુર જણાયા હતા. ● રાષ્ટ્રપતિશ્રી આ પૂર્વે પણ જસદણ વિસ્તારની મુલાકાત લઈ ચૂક્યા છે. પાંચાળભૂમિથી તેઓ પ્રભાવિત થયા હતા. ● રાષ્ટ્રપતિશ્રી, મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવો સ્ટેજ પર આવ્યા ત્યારે લોકોએ તાળીઓના ગડગડાટથી તેમનું સ્વાગત કર્યું હતું. ● રાજ્યની સંગીત નાટ્ય અકાદમી દ્વારા ગીત - સંગીતથી કર્ણપ્રિય પ્રસ્તૃતિ કરવામાં આવી હતી.